# સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેનો તાલિમ વર્ગ યોજાયો

કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, અરણેજના સંયુક્ત ઉપક્રમે સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેની તાલિમ તા: ૨૪/૦૯/૨૦૧૮ થી ૨૭/૦૯/૨૦૧૮ દરમ્યાન અરણેજ ખાતે ગોઠવવામાં આવેલ. જેમાં અમદાવાદ જીલ્લાના કુલ ૩૫ ખેડૂત બહેનોએ ભાગ લીધેલ. આ તાલિમ કાર્યક્રમમાં વિવિધ પાકોમાં નુકસાન કરતી જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન વિષય પર જુદા-જુદા નિષ્ણાંતો દ્વારા લંબાણપુર્વક ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આપેલ. તાલિમમાં વાતાવરણિય ફેરફાર દ્વારા વિવિધ પાકોમાં આવતી જીવાતોનું સમયસર સંકલિત વ્યવસ્થાપન અપનાવી જંતુનાશકોના આડેધડ છંટકાવને ઘટાડવા જોઇએ તથા વિવિધ જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કરી પાક સંરક્ષણ ખર્ચ ઘટાડી શકાય તે અંગે પણ તાલિમ આપવામાં આવેલ. તેમજ રસાયણમુક્ત અને ગુણવત્તાસભર ખેત ઉત્પાદન મેળવવા માટે તાલિમ પણ આપવામાં આવેલ.

સદર તાલિમ કાર્યક્રમમાં કીટકશાસ્ત્ર વિભાગના ડૉ. પી. કે. બોરડ, ડૉ. ડી. બી. સિસોદીયા, ડૉ. આર. કે. ઠુમર, ડૉ. સી. બી. ધોબી, પ્રો. એમ. ડી. સુથાર, કુ. મિનાક્ષી લુણાગરીયા અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ડૉ. જે. કે. પટેલ, ડો. જી. આર. જાડેજા, પ્રો. જી. ડી. પટેલ, ડૉ. જે. એચ. પટેલ, પ્રો. એચ. બી. પટેલ, શ્રી કુલદિપ સીંહ રાણાએ ઉપરોકત વિષય ઉપર પોતાના વ્યાખ્યાન રજુ કર્યા હતા અને પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું.

આ ઉપરાંત ખેડૂત બહેનોએ ઘાસચારા સંશોધન કેન્દ્ર, મધમાખી ઉછેર કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ તાલિમ કાર્યક્રમમાં તેઓને પ્રાયોગિક તાલિમ પણ આપવામાં આવી હતી.

વધુમાં તેમને ફાર્મની મુલાકાત લેવડાવી જીવાતોની પ્રત્યક્ષ ઓળખ કરાવી અને જંતુનાશક દવાના છંટકાવ દરમ્યાન ધ્યાનમાં રાખવાની બાબતો અંગે માર્ગદર્શન આપ્યું હતું તથા પ્રમાણપત્ર અને કીટનું વિતરણ પણ કરવામાં આવેલ.







